ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૮૮ ટકા
ગાંધીનગર તાપમાન

‘નંદ ઘેર આનંદ ભયો જય કનૈયાલાલ કી’

જયઘોષથી ગુંજી ઉઠ્યું શહેરનું ગગન

ગાંધીનગર, તા.૩૧

શહેરના વિવિધ વિસ્તારોમાં જન્માષ્ટમી પર્વની ઉલ્લાસપૂર્વક ઉજવણી કરાઈ હતી. જેમાં વેશભૂષા, ગરબા, ચિત્રસ્પર્ધા, ભજન-કિર્તન, મટકી ફોડ અને શ્રી કૃષ્ણજન્મોત્સવની ઉજવણી કરાઈ હતી.

●●●

ઈન્ડિયન લાયન્સ કલબ

ઈન્ડિયન લાયન્સ કલબ દ્વારા સે-૨૪માં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી થઈ હતી. સેવા વસ્તી (છાપર) સે-૨૪માં સવારે ૧૦ વાગ્યે આ કાર્યક્રમ રાખ્યો હતો. જેમાં ગરબા, વકતવ્ય, વેશભૂષાનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં બલરામના વેશભૂષા સાથે હનુમાન સંજય યાદવ તથા કૃષ્ણના રૂપમાં નાના બાળકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન સંજીવ યાદવ (ઈન્ડિયન લાયન) એ કર્યું હતું. બાળકોને કેળા, મિસરી અને ચોકલેટનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ઈન્ડિયન લાયન જયેશભાઈ ગોહિલ, મહેન્દ્રભાઈ સોલંકી, લાલસિંહજી, ડૉ. ગુલાબચંદ પટેલ, મંગળસિંહ સોલંકી (ઉપપ્રમુખ), યોગીજી (ડાયરેકટર), મહેન્દ્રભાઈ ચૌહાણ (ડાયરેકટર), સંજીવ યાદવ (સેક્રેટરી)એ ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સંસ્થાના પ્રમુખ રાધેશ્યામભાઈ યાદવ તથા ડાયરેકટર ડૉ. ગુલાબચંદ પટેલ દ્વારા સેવા વસ્તીમાં માસ્કનું વિતરણ કરાયું હતું.

●●●

રોટરી કલબ ઓફ કેપિટલ

શ્રીજી શ્રીગોવર્ધનનાથજી હવેલી ખાતે વલ્લભ યુથ ઓર્ગેનાઈઝનના સાનિધ્યમાં રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગર અને લાયોનેસ કલબ, ગાંધીનગર દ્વારા કૃષ્ણજન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત મટકી ફોડ, રાસ-ગરબા સહિત વિવિધ પ્રકારના નૃત્યોનું પણ આયોજન કરાયું હતું.

ઉપસ્થિત સૌ મહેમાનોના હસ્તે દીપપ્રાગટ્ય બાદ ઉપસ્થિત સૌને આવકારતા ડૉ. પ્રદિપ ગગલાણી (પ્રમુખ - વીવાયઓ અને જીવીએસ) એ ઉદ્બોધન કરીને સંસ્થાની કામગીરી વિશે માહિતગાર કર્યા હતા. લાયોનેસ કલબ, ગાંધીનગરના પ્રમુખ નીતાબેન રાણાએ પણ લાયોનેસના સામાજીક, ધાર્મિક સહિત તમામ કાર્યોની ટૂંકમાં જાણકારી આપને જન્માષ્ટમીના પર્વની સૌને શુભકામના પાઠવી હતી.

રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગરના પ્રમુખ અમીબેન શાહે કૃષ્ણ જયનાદ સાથે રોટરી કલબની પ્રવૃત્તિઓની ઝલક આપીને આગામી કાર્યોમાં પણ સૌ નગરજનોને જોડાવા અપીલ કરીને જન્માષ્ટમી પર્વની સૌ વૈષ્ણવો સહિત ઉપસ્થિત સૌને શુભેચ્છા પાઠવી હતી.

ડૉ. નીતાબેન શેખાત (પ્રમુખ - વીવાઓ મહિલા વીંગ), જશવંત ગાધી (પ્રભારીશ્રી, વીવાયઓ) એ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. આ કાર્યક્રમમાં શહેરના જાણીતા પૂજન ડાન્સ ક્લાસીસના પ્રજ્ઞાબેન ગજ્જરના માર્ગદર્શનમાં તૈયાર થયેલ દીકરીઓ દ્વારા સુંદર નૃત્યો રજુ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે વલ્લભ યુથ ઓર્ગેનાઈઝન દ્વારા ચિત્ર સ્પર્ધા પણ યોજાઈ હતી. વિજેતાઓના પ્રથમ બે પુરસ્કાર રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા અને તમામને પ્રોત્સાહક ઈનામ ડૉ. નીતા શેખાત દ્વારા અને નૃત્યોમાં ભાગ લેનાર તમામ દિકરા-દિકરીઓને પુરસ્કાર લાયોનેસ ક્લબ, ગાંધીનગર દ્વારા અને પ્રોત્સાહક ભેટ રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા આપવામાં આવી હતી.

આ પ્રસંગે વલ્લભ યુથ ઓર્ગેનાઈઝન, રોટરી ક્લબ ઓફ કેપિટલ - ગાંધીનગર, લાયોનેસ ક્લબ - ગાંધીનગરના પદાધિકારીઓ, કાર્યકરો સહિત પત્રકારો, વૈષ્ણવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન કાજલ દ્વારા અને આભાર વિધિ રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરના સેક્રેટરી પાર્થ ઠક્કર દ્વારા કરવામાં આવી હતી.

●●●

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં જન્માષ્ટમીની ઑનલાઈન ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સૌપ્રથમ શ્લોક

તથા તિલક દ્વારા ભગવાનની વિધિવત્ પૂજા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જન્માષ્ટમીના પર્વને અનુરૂપ રાધા અને કૃષ્ણ બની અને બાળકો તૈયાર થયા હતા. ભગવાનને પ્રસાદ અને થાળ ધરાવ્યા બાદ આરતી કરવામાં આવી હતી. તેના પછી કૃષ્ણ ભગવાનના ગીત ઉપરથી ડાન્સ કરવાની કોમ્પિટિશન રાખવામાં આવી હતી. તથા શ્રી કૃષ્ણ ભગવાનની જીવન લીલાના પ્રસંગો બાળકો દ્વારા કહેવામાં આવ્યા હતા. આ ઓનલાઈન સેલિબ્રેશનને વાલીઓ બાળકો તથા ફેકલ્ટીના સભ્યોએ ધામધૂપૂર્વક ઉજવ્યું હતું.

●●●

શિવશકિત મંદિર ૩ ન્યૂ

સેક્ટર ઉન્યૂ શિવશક્તિ મંદિરે શ્રવણ માસના ચોથા સોમવારે મહાકાલેશ્વર દાદાની મહા આરતી, પૂજા ધામધૂમથી કરવામાં આવી

હતી. કૃષ્ણના જન્મની ઉજવણી ગોપીભજન મંડળની બહેનો દ્વારા કૃષ્ણના ભજન કીર્તન, જન્મની ઉજવણી કેક કાપી કરવામાં આવી હતી. સેક્ટરના વસાહતી ભાઈ બહેનોએ તેનો લાભ લીધો હતો. જય અંબે યુવા મંડળ અને ટ્રસ્ટી મંડળના સભ્યોના સહકારથી કાર્યક્રમ સફળ થયો હતો.

●●●

વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન

વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન અને ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા જન્માષ્ટમી મહોત્સવ નિમિત્તે બાળકો માટે રંગપૂરણી અને ચિત્ર સ્પર્ધાનું આયોજન હવેલી મંદિર સે-૨૧ ખાતે કરાયું હતું. જેમાં ૪૦

બાળકોએ ભાગ લીધો હતો. બાળકોને ઈનામો તેમજ નાસ્તો આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રભારી જશવંત ગાંધી, પ્રમુખ ડૉ. પ્રદીપ ગગલાણી, પ્રોજેકટ ચેરમેન દીપેશ પરીખ, મહિલા વિંગના પ્રમુખ ડૉ. નીતાબેન શેખાત, રોટરી કલબના પ્રમુખ અમીબેન શાહ, મહામંત્રી કિરીટભાઈ સોની, ઉપપ્રમુખ શીતલ શાહે સહકાર આપ્યો હતો. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે ભાવેશ પટેલ, પ્રતિમાબેન નિર્વાણ અને દુર્ગા મિસ્ત્રીએ કામગીરી બજાવી હતી. ઉપરાંત

બાળકોને પ્રકાશભાઈ સુખડિયા તરફથી ફરાળી નાસ્તો આપવામાં આવ્યો હતો.

●●●

મુક્તા ગૌરી ચેરીટેબલ ટ્રસ્ટ

જગ જલિયાણધામ મુકતા ગૌરી ચેરીટેબલ ટ્રસ્ટ જલારામ સદાવત ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દ્વારા જન્માષ્ટમી ઉત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

●●●

ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ

ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં સોમવારે ઓનલાઈન કલાસમાં જન્માષ્ટમીની ઉજવણી કરાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓએ જન્માષ્ટમી તહેવારને અનુલક્ષીને વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્સાહથી ભાગ લીધો હતો.

●●●

કાનમ રેસિડેન્સી

કુડાસણની કાનમ રેસિડેન્સીમાં કૃષ્ણ જન્મની ઉજવણી કરાઈ

હતી. જેમાં સુંદર શણગાર કરી કૃષ્ણની પૂજા, આરતી તથા ભજન કરવામાં આવ્યા હતા.

●●●

રાધાનો વેશ પહેરીને જન્માષ્ટમીની ઉજવણી

પેથાપુર ખાતે જન્માષ્ટમી પ્રસંગે બાળકી અનિકા મહેતાએ ઘરમાં રાધાનો વેશ પહેરીને પર્વની ઉજવણી કરી હતી.

●●●

સે-૨૩ સ્વામિનારાયણ મંદિર

સે-૨૩ના સ્વામિનારાયણ મંદિરમાં વર્તમાન સમયના નિયમોના પાલન સાથે ધામધૂમથી જન્માષ્ટમી પર્વની ઉજવણી થઈ હતી. આ પ્રસંગે વિવિધ કાર્યક્રમનું આયોજન થયું હતું. જેમાં શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ કથા સત્સંગ તથા વિદ્યાર્થી સન્માન પ્રોત્સાહનનો પ્રેરણાદાયી કાર્યક્રમ જેમાં સ્નાતક અનુસ્નાતક વિદ્યાર્થીઓનું બહુમાન કરી સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યું તથા ધોરણ ૧૦ અને ૧૨નાં વિદ્યાર્થી ભાઈ-બહેનોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા, ત્યારબાદ ભગવાન શ્રીકૃષ્ણલીલા સંકીર્તનનું આયોજન હતું. જેમાં બ્રહ્માનંદ કલા કેન્દ્રના ભાઈઓએ વાજીંત્રો સાથે કીર્તનો રજુ કર્યા હતા. રાત્રે ૧૨ વાગ્યે જન્મોત્સવ આરતી બાદ નંદ ઘેર આનંદ ભયોનાં નારા સાથે ભક્તો નાચ્યા હતા.

●●●

વાવોલ, શાલ્વિક હોમ્સ સોસાયટી

વાવોલની શાલ્વિક હોમ્સ સોસાયટીમાં જન્માષ્ટમીની વેશભૂષા ધારણ કરી જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કૃષ્ણ તરીકે હયાન અને રાધા તરીકે દ્વિતિએ સુંદર વસ્ત્રો ધારણ કર્યા હતા. આરતી, ભજન તથા કેક કાપીને અને દહી હાંડી ફોડીને સોસાયટીના રહીશોએ કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરી હતી.

●●●

ઝેડ પ્લસ ફ્લેટ-કુડાસણ

ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં પ્રિમિયમ વસાહત ઝેડ પ્લસ ફ્લેટસ ખાતે જન્માષ્ટમી પર્વની ઉલ્લાસપૂર્વક ઉજવણી કરાઈ હતી. દિવસ દરમિયાન મહિલાઓએ ભજન કીર્તન કર્યા હતા જયારે સાંજે સૌ ફ્લેટવાસીઓએ ભેગા થઈ ભગવાન શ્રીકૃષ્ણ જન્મોત્સવ ઉજવ્યો હતો.

●●●

પેથાપુર ખાતે જન્માષ્ટમીની ઉજવણી

સ્વપ્રવિલા-૩ બંગ્લોઝ, પેથાપુર ખાતે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી

●●●

સ્માર્ટ કીડઝ નર્સરી સ્કૂલ ખાતે જન્માષ્ટમીની ઓનલાઈન ઉજવણી



ગાંધીનગરની સૌ પ્રથમ ઓનલાઈન પ્રીસ્કૂલ શરૂ કરનાર સ્માર્ટ કીડઝ નર્સરી સ્કુલમાં જન્માષ્ટમીનો તહેવાર ખૂબ જ ભાવપૂર્વક ઉજવાયો હતો. બધા જ બાળકો રાધા-કૃષ્ણ બનીને આવ્યા હતા. બાળકોને સૌ પ્રથમ પપેટ શૉ, ઓડિય વિઝયુઅલ પ્રેઝન્ટેશનથી કૃષ્ણ જન્મ, કૃષ્ણ લીલા બતાવીને કૃષ્ણના નાના અવતાર વિશે સમજાવવામાં આવ્યું હતું. કન્હૈયાનો લાગણીશીલ નટખટ, મિલનસાર બહાદુર અને નેતૃત્વસભર સ્વભાવના પ્રસંગ દર્શાવીને બાળકોને ઉમદા ચારિત્ર્યના પાઠ ભણાવવામાં આવ્યા હતા.

સિવિલમાં છેલ્લા સપ્તાહમાં ડેન્ગ્યુના ૬૪ અને મેલેરીયાના ૫૧ કેસ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળો અજગરી ભરડો લઈ રહ્યો છે. રાજયના પાટનગરમાં વાયરલ ફીવરની સાથે સાથે ડેન્ગ્યુ અને મેલેરીયા કેસ પણ ચિંતાજનક રીતે વધી રહ્યા છે. શહેરની હોસ્પિટલના મેડીસીન વોર્ડ તો હાઉસફુલ જોવા મળી રહ્યો છે. જયારે ખાનગી હોસ્પિટલ અને દવાખાનામાં પણ દર્દીઓનો ભારે ધસારો છે. રાત્રીના સમયે ખાનગી ક્લીનક પર દર્દીઓની લાંબી કતારો જોવા મળે છે. હાલના સમયે બિમારીના ખાટલા ઘરે ઘરે જોવા મળે છે. ત્યારે સિવિલમાં છેલ્લા સપ્તાહમાં ડેન્ગ્યુના-૬૪ અને મેલેરીયાના-૫૧ કેસ ચોપડે નોંધાયા છે. ત્યારે રોગચાળામાં ટાઈફોઈડ અને ચીકનગુનિયાના કેસ પણ જોવા મળે છે. ત્યારે વાહનજન્ય રોગચાળાને કાબુમાં કરવા માટે રાત દિવસ તંત્ર મથામણ કરી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે.

સેકટર-૨-સી થી ઈકો કારનું સાયલન્સર ચોરાયું

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરમાં ઈકોના સાયલેન્સર ચોરી કરતી ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. તાજેતરમાં સેકટર-૧૩ છાપરા વિસ્તારમાં શૌચાલય પાસે પાર્ક કરેલી ઈકો કારનું સાયલેન્સર કોઈ ચોર શખ્સો ચોરી કરી ગયા હતા. ત્યારે સેકટર-૨ સી પ્લોટ નં. ૯૬૮-૧ ખાતે રહેતા અશ્વિન નરેન્દ્રભાઈ પંડયા ના ઘર પાસે પાર્ક કરેલી નવી નક્કોર ઈકો ગાડીનું સાયલેન્સર કોઈ ચોર ટોળકી લઈ ગઈ છે. તા.૨૮ ના રોજ રાત્રીના સમયે બાળકોને લઈને ફરીને ઈકો ઘર પાસે પાર્ક કરી હતી. ત્યારબાદ સવારે ૧૦ વાગે અડાલજ જવાનું હોવાથી અશ્વિનભાઈએ ઈકો ચાલુ કરતા અવાજ બદલાયેલો લાગ્યો હતો. જોરદાર અવાજને પગલે આસપાસના નાગરીકો પણ એકઠા થઈ ગયા હતા. જયારે ગાડીમાં તપાસ કરતા ખબર પડી કે સાયલેન્સરની ચોરી થવા પામી છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે રૂ.૩૦ હજારના સાયલેન્સરની ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

કુડાસણમાં હનુમાનજીનાં મંદિરને ગુડાની નોટીસ સામે ‘આપ’નું આવેદન પત્ર

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં હનુમાનજીના મંદિરને ગુડા દ્વારા તોડવાની નોટિસ આપેલી છે તેના વિરોધમાં આમ આદમી પાર્ટીના વોર્ડ નંબર-૯ના ઉમેદવાર દ્વારા આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. આવેદન પત્રમાં જણાવ્યાં અનુસાર હનુમાનજીનું આ મંદિર આશરે ૭૦ વર્ષ જુનું મંદિર છે જ્યારે આ વિસ્તારમાં કોઈ રહેણાંક મકાનોની શરૂઆત પણ થઈ નહોતી. આ પછી કાળક્રમે રહેણાંક સોસાયટીઓ વિસ્તાર થતાં વધેલા ભાવિક ભક્તોએ યથાશક્તિ દાન થકી આ મંદિરનું નાનું મોટું સમારકામ કર્યું હતું. આ મંદિરની આસપાસના વિસ્તારમાં બીજું અન્ય કોઈ મંદિર પણ ના હોવાને કારણે આ હનુમાનજીના મંદિર સાથે આ વિસ્તારના રહીશોની આસ્થા જોડાયેલી છે જેથી દર્શનાર્થીઓનો ધસારો રહે છે વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને આપના ઉમેદવારો દ્વારા આ મંદિરને યથાવત સ્થિતિમાં જાળવી રાખવા ગુડાને વિનંતી કરી છે.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે કોરોના વોરિયર્સને સન્માનિત કરાશે

ગાંધીનગર, તા. ૩૧

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળમાં શિક્ષક દિન નિમિત્તે ૫ મી સપ્ટેમ્બરના રોજ કોરોના વોરિયર્સનું સન્માન અને જીવન હારી જનાર માટે પ્રાર્થનાસભાનું આયોજન રાખેલ છે. સત્સંગ ભવન સેક્ટર-૨૩ ખાતે ૪ થી ૭ વાગ્યા સુધીમાં આ કાર્યક્રમ યોજાશે. જેમાં કોરોના મહામારીમાં સમાજ સેવા યજ્ઞમાં પોતાનું યોગદાન આપનારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન અને કોરોનાનો ભોગ બનેલા સ્વજનો, ગુરુજનો માટે પ્રાર્થના સભા યોજાશે. આ સમગ્ર આયોજન ભૂતપૂર્વ વિદ્યાર્થી પરિષદ દ્વારા કરવામાં આવેલ છે. તેના માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. મકવાણા ધરતીબેન ગીરીશભાઈ**, ઉ.વ. ૪૨, સેક્ટર-૨૪
- **સ્વ. ગોસર કસ્તુરબેન દેવચંદ**, ઉ.વ. ૬૯, અડાલજ
- **સ્વ. ઠાકોર અશ્વિનજી ભીખાજી**, ઉ.વ. ૩૫, પ્રાંતિયા
- **સ્વ. ઠાકોર દશરથજી બેચરજી**, ઉ.વ. ૪૭, બોરીજ